(જુનાગઢાદિકના એજન્ટ)

સાક્ષર શ્રી મનસુખરામ વિરહ

અને

જીવન વૃત્તાંત.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર

કવિ હિરાલાલ ખુશાલરાય બ્રહ્મભટ્ટ

દુહો.

કાયા છોડી કીર્તિને, જગમાં મુકી જાય,
અરસ રસમ સંસારમાં, લાયક જનની રખાય. ૧

અમદાવાદ

રાયપુર સોનીની વાડીના મેડા ઉપર "જ્ઞાનોત્તેજક મુદ્રાલય"માં શા. છોટાલાલ દેસાઇભાઇએ માલીકને માટે છાપ્યો.

સને ૧૯૦૭—સંવત ૧૯૬૩.

સાક્ષર શ્રી મનસુખરામ વિરહ

અને

જીવન વૃતાંત.



ગરૂબી.

" કાના ઓરાને આવોરે, કહું એક વાતલડી,"
" તેને ક્યા રમીયાવ્યારે, રંગભેર રાતલડી."—એ રાગ.

ગુમાવ્યા ગુજરાતેરે, મનસુખરામ મહાન મતી;
સાહારની સૃષ્ટિમારે, ખોટજ ખુબ અતી. ટેક. ગુમાવ્યા.
જેમણે ગ્રંથ ઝાઝા લીખ્યોરે, સ્તુતીપાત્ર દર્શાવ્યા;
અસરકારક ઉમદારે, ભારત ભૂમીને ભાવ્યા. ગુમાવ્યા. ૧
મામાએ મુક્યા તેમનેરે, શાળા માંહે ભણવા;
ત્યાંથી તુર્ત ઉઠાડીરે, વ્યવહારી કામો આચરવા. ગુમાવ્યા. ૨
હાના દુકાને બેસાર્યારે, માહીતગાર થવા માટે;
દેશીનામુ શીખવારે, શાહુકાર તણા હાટે. ગુમાવ્યા. ૩
પરંતુ દેશીનામાથીરે, મન હતું નહીં કાજી;
વિદ્યા અભ્યાસ કરવારે, વહુ દીલ હતું રાજી. ગુમાવ્યા. ૪
એવા અરસામાં આવતારે, દેશાઇજી કેરે દ્વારે;
માસ્તર મોટા ભણાવવારે, શીશુ સર્વેને સારે. ગુમાવ્યા. ૫

જેથી કરી જનિતારે, ત્યા ભણવાને ગયા;
રણછોડભાઇ ઉદયરામરે, તે કામે ત્યાં રહ્યા. ગુમાન્યા.
જેશાહ કુકુમના દીકરાનોરે, રણછોડભાઇનો સાથ થયો.
જ્ઞાન જેનથી ઘણું મળ્યુંરે, માર્ગ તેમનું દર્શાવ્યો. ગુમાન્યા.
પરંતુ ધારણસરરે, ગાયેલા નહિ ગુજરાતી.
અંત નાખી પાછાંતોરે, શિખ્યા વિદ્યા અજાણી. ગુમાન્યા.
વ્યાકરણાદી નિયમોરે, રણછોડભાઇએ બતાવ્યા;
એમ કરી તે સર્વનીરે સમાનતામાં તે આવ્યા. ગુમાન્યા. ૮
અમદાવાદ નડિયાદમાંરે, હરિકૃષ્ણ અભ્યાસ કરી;
એલફીન્સ્ટન કાલેજમાંરે, પરિક્ષા દેવા આવ્યા ફરી. ગુમાન્યા. ૯
એ પરિક્ષામાં મરજીરે, પોતે પસાર થયા,
પછી પીતાંબરની પેઢીએરે, મન કરી મુંબઇ ગયા. ગુમાન્યા. ૧૦
ગોકળ રણછોડ એ બંનેરે, કરી ઉમેદ અભ્યાસ કીધા,
ગરમીના કારણથીરે, તેહ છોડી દીધા. ગુમાન્યા. ૧૧
માધવરામની પેઢીમાંરે, લક્ષ રાખવા માંડ્યું,
અવસર જોઇને અનુભવેરે, અવર કામ સૌ છાંડ્યું ગુમાન્યા. ૧૨
સટ્ટાનો સમયરે, તે વખતે હતો સારો,
તેથી કરી તે શહેરમાંરે, વેપારો ચાલતા હજારો. ગુમાન્યા. ૧૩
મેટીના પ્રતાપથીરે, પોતે બહુ પ્રવિણ થયા,
જેથી કરી જેમાંરે, નસીબ અજમાવા ગયા. ગુમાન્યા. ૧૪
ભારી હેવાથી વરસોરે, પૈસા તેમાં કમાયા;
આરંભમાં પ્રતાપીએરે, મોટેથી મેળવી માયા. ગુમાન્યા. ૧૫
જેથી કરી જેમનીરે, વિદ્યા વેપારે ઝુંની થઇ;
તેમાં દીનદીન પ્રત્યેરે, વૃદ્ધિ થતી ગઇ. ગુમાન્યા. ૧૭

સાત આસરૂ બેસતાંરે, અને સડસઠ સુધી;
ધન મેરી ધામતનેરે, વડી ચાલી વૃદ્ધી. શુભાખ્યા. ૧૮
જ્ઞાન સંપાદન કરવારે, જેની સમજ રસીલી,
[illegible] વખત વિનારે, ધ્યાનમાં રાખી આતી. શુભાખ્યા. ૧૯
[illegible] અઢાર સડસઠમાંરે, ગોકુળજી ઝાલા મળ્યા;
[illegible] આવનાર. વિબુધ દીવાન બન્યા. શુભાખ્યા. ૨૦
[illegible] દેશી રાજ્યોનારે, સંબંધ માંહે જોડાયા;
[illegible] સુધીરે, કેવળ યશ કમાયા. શુભાખ્યા. ૨૧
[illegible] તેમાંરે. સારી રીતે બતાવ્યો;
[illegible] સહુનેરે, જશો તે મન આવ્યો. શુભાખ્યા. ૨૨
[illegible] આશ્રમમાંરે. [illegible] પાસે આતુરતા;
[illegible] કામમાંરે, કહે શિવલાલ કવી. શુભાખ્યા. ૨૩
[illegible] મેળવારે, સારૂ સુખાને કાજે;
[illegible] મનસુખરામેરે, પછી વડા દરબારે. શુભાખ્યા. ૨૪

જીવનચરિત્ર.

ગરબી.

"સોચન મનનોરે, ઝઘડો સોચન મનનો"—એ રાગ.

ભારતર મનસુખરામેરે, ઘણા ગ્રંથો ઉપજાવ્યા;
આંકે અધિક તે કામેરે, ડાહ્યા વિચારો દરશાવ્યા. ટેક.
સંબંધ બંધાયા પછી, દેશી રાજ્યનો બહુ;
જીવન ગુજાર્યું જ્ઞાનમાં, કોઈ વસા તે શું કહું ઘણા. ૧
[illegible] ગુજરાતના, [illegible] મોટા [illegible];
[illegible] ઉપકાર કિધો, છે ડાહ્યા તેઓ [illegible]. ઘણા. ૨

નવીન ને વળી નિર્મળા, ગાવા ગુજરાતી ગ્રંથ;
પંચ રત્નને પૂજતા, સદ્ગુણયુક્ત તેનો સુપંથ. ઘણા. ૩
અમર નામો એમનાં, આ સ્થળે અપાય,
અલ્પ સેવા આપતા, લાયક જન તે લેખાય. ઘણા. ૪

પ્રથમ રત્ન પરાક્રમી, રણછોડભાઈ ઉદયરામ;
બાહોશ રત્ન બીજું વળી, હીરાલાલ સેવકરામ. ઘણા ૫
ત્રીજું રત્ન તેજસ્વી, ગોવરધનરામ આત્મારામ;
ચોથું રત્ન ચિંતામણી, મણીલાલ નભુભાઈ નામ ઘણા.

પંચમ રત્ન પોતે હતા, સેતા સહુના સરતાજ.
પ્રયાસે ઘણું કરી, મોટી મેળવવા વાહવાહ. ઘણા. ૭
ભોળા ભેખધારી બહુ. સાથે રાખ્યો પરિચય
સાહિત્યના ગ્રંથો વિશે, વિશે પડે મેળવ્યો વિજય. ઘણા
સાહિત્ય ક્ષેત્ર વધારવા, ફળદ્રુપ કરવા કાજ,
શ્રમ લઈ સાક્ષરે ઘણા, અલંકાર યોજ્યા મહારાજ. ઘણા. ૯

સાહિત્ય સાથે જોયું, ઇચ્છ્યું આત્મ કલ્યાણ;
સત શાસ્ત્ર વેદાંતનું, મનન કરતા ધરી સુધ્યાન. ઘણા. ૧૦
તત્વ વિદ્યાનાં કેટલાંક, વાચન વાંચતા ધીર;
તત્વ જ્ઞાની સાથ લેખણે, ભાવના ભાખ્યા અકસીર ઘણા. ૧૧
ગુજરાતી ભાષા સાહિત્યને, ધર્મની ઉન્નતી કાજ;
સદ વૃત્તી રાખી સદા, દીલમાં ભણી કાજ. ઘણા. ૧૨

બુદ્ધિપ્રકાશ માસિકમાં, સમયા અનુસાર;
વિવિધ વિષયો આપતા, ઉમદા અસરકાર ઘણા. ૧૩
સ્વભાવ અભ્યાસથી, વખત, કાઢી ધીર;

*પુસ્તકો પરીમલ લખ્યાં, સાહીત્ય શાસ્ત્રો કેરાં સુંદીર. ઘણું. ૧૪
સાહીત્ય કેરી સાક્ષરે, સેવા બજાવી ખુબ;
પારસી હિંદુ ઇસ્લામમાં, વડેરાં કહાવ્યાં વકુબ. ઘણું. ૧૫
કચ્છ જુનાગઢ ભાવનગર, ઇડર સાથે સંબંધ;
હતો અરજીનો અતી, જેથી દીપ્યાં તેઉના દંદ. ઘણું. ૧૬
નવાબ રાજ્યોના કામમાં, સલાહ સારી દેનાર;
રાજ્ય કેરા લાભમાં, ગણાયા બહાદુર બોલનાર. ઘણું. ૧૭
સલાહ લેતા જેમની, મણીભાઇ જશભાઇ;
ગોરદાસ વિહારીદાસના, જેમણે વળી મેળવી વડાઇ. ઘણું. ૧૮
મોતીલાલ વિગેરે મંત્રીઓ, સદ્દો પુછતા સલાહ;
કુશળ રાજ્યના કામથી, ખુશખુશ હતા નરનાહ. ઘણું. ૧૯
માતબર મોટા રાજ્યના, દરબારી ને દીવાન,
સલાહ દેવાના કામમાં, ગણતા ઘણે દરજ્જે ગુણવાન. ઘ[illegible]
ગુજરાતનાં ઘણા રાજ્યમાં, પ્રતાપીનો પરિચય.
એજન્ટ દ્વારાએ હતો, જગે જગે મેળવ્યો જય. ઘણું. ૨૧
મોટા રાજ્ય દરબારનો, શુભ સલાહ રૂપ થંભ.
ગણાયો ઘણું કરી, અબ્બાં કામોનો કીધો આરંભ. ઘણું. ૨૨
બીના રામપ્રસાદનો, કહે કવિ શીવલાલ;
સાક્ષર ઓછા સૃષ્ટિમાં, હશે બહાદુર બુદ્ધિ વિશાલ. ઘણું. ૨૩

---

* ૧ મણી રત્નમાળા, ૨ ઉત્તર જયકુમારી, ૩ વિપત્તી વિગ્ર નિબંધ, ૪ દેશી રાજ્ય અને મનુ સ્મૃતિમાંનો રાજનીતિ સાર, ૫ અસ્તોદય (નળ દમયન્તી) ૬ કારભાર જીવનચરિત્ર, ૭ વિચાર સાગર, ૮ કરસનદાસ તથા તત્સંબંધી વિચાર, ૯ સુરા ગોકુળજી ઝાલા અને વેદાંત (શ્રીમદ્ આગળની સુધાં) ભગવદ ગીતા અને વાલ્મીકી રામાયણ વિગેરે ગ્રંથો બનાવ્યા છે. બહાર પાડવાની વ્યવસ્થા રહેવાની કરી ગયા છે.

ગરબી. (રાગ સોરઠ)

" ઉધવજી સંદેસો કહેજો મથુરા મોઝાર "

" જેરે ફળડાના ગયા નાથજી, ઝુરે વ્રજનીરે નાર. " એ રાગ

શાબાશી સારી મેળવી, મશહુર મનસુખરામ,
ગુણ ગ્રાહી ખુશી થયા, સુત ઠાકોર સધામ. શાબાશી. ટેક

રાજરીતીએ રૂડાં કર્યાં, અધિક કામો આકરાર,
એજન્ટ હરિ ઉજળા, રીઝયા રાજા વઝીર. શાબાશી. ૧

અમર નામો અધિપતીનાં, ઉદ્યોત જાણું અપાર,
જાહેર જગતમાં જેમનું, મેરૂ સમો મહિમાય. શાબાશી. ૨

કચ્છાધિપતી કેશરી, યદુવંશી અવતાર;
મીરજાં મહારાઓ ખેંગારજી, કાયમ રાખો કીરતાર. શાબાશી ૩

[illegible]ગરના ભુપતી, તેજસ્વી તખ્તેશ;
ભડ ભોપા ભાવસિંહજી, સુખ રાખો પ્રભેશ. શાબાશી. ૪

પાટવંત ઉદેપુરનો, સમતા લાયક સુર;
આઠમી પ્રતાપસિંહજી, અહોનિશી હજુર. શાબાશી. ૫

પડ અધિક વઢવાણના, બહાદુર બાળસિંહજી દરબાર;
યુવરાજ ચતુર વહીં એમના, મહિમંડળ મોઝાર. શાબાશી. ૬

નિમિ રીઝયા વડા પ્રાણના, રાજા રૈયત દીવાન;
તમામ ટેકાણું તેમણે, મોહોટું મેળવ્યું માન. શાબાશી. ૭

જ્હેમજી જુનાગઢ તણી, સેવા બજાવી સાર;
પરાક્રમ કરી પ્રખ્યાતીયો, દીલ રાખ્યો દરબાર. શાબાશી. ૮

એવા મહામુલી મનાયલું, કુશળ છઠ્ઠું અધિક;
ધણી ભવાની પ્રેરણે, ટળી તમામની બીક. શાબાશી. ૯

રાજકોટની પ્રજા થકી, રૈયત મોકલી કુંદ
ગેઢ ગ્રાહ ડુંગરાના, કોડ કાયમ ઠાકર. શાબાશી. ૧૦

આવે કામો કીધાં ઉજળાં, સમયા અનુસાર;
તમામ રાજ્યોનાં તેમણે, ખંત રાખી અપાર. શાબાશી. ૧૧
ગીરનસાર સ્વભાવના, ગુણ નીધી ગંભીર;
ગુણ ગાથા ગાઉ ઘણી. વિદ્યા વિશારદ વીર. શાબાશી. ૧૨
નિરાભિમાની ને નીરમળા, દાઉદ્રા ને દરેક;
સદાચરણી મહાસાત્વકી, સદ્જ્ઞાની સુવિવેક. શાબાશી. ૧૩.
મિતા વૈભવ ત્રિભુવનો, આણ્યો નહી અહંકાર;
અનેક સુકૃત વડે શોભતો, વરત્યા તટ વહેવાર. શાબાશી. ૧૪
મુખ કમળ વિકાસનું, પરમ દયાનું પાત્ર;
અનંત નેત્ર નીર ભર્યાં, ગોર ગાજીતું ગાત્ર. શાબાશી. ૧૫.
ડાબીસદ્ભી સાયસરીનું દીપતું, પેશુ ભાષ્યુ સુધામ;
ગુરતોરા પેપરા જેહવા, આવે ઉમદાં તમામ. શાબાશી. ૧૬
અનુ સદ્ગુણ શોભતી, ગાણી સુધા સમાન;
અસરકારક ઉમદાં વિવિધ તણા વિધાન. શાબાશી. ૧૭
આજ પર્હે નહિ ઉથપ્યો કદી કશા ભેદ;
ક્ષમા સહોદર સામીજની, મોટી રાખી મર્યાદ. શાબાશી ૧૮
સુશાસ્ત્રીને શીતળતા, નિર્મળ ગંભીર નીર;
સ્થિરતા રાખી દીલમાં, પુરણ આત્મીક ચીત. શાબાશી ૧૯
ધન્ય. નામ ધર્યું આ મેદની, મોટુ મનસુખરામ;
અહેલ પારસી મેળીયા, માંન દે હિંદુ ઇસ્લામ. શાબાશી. ૨૦
ઉદ્ગારોને ઉદારતા, જગ જાહેર જોય;
વિદ્વતા વધુ અશી વિશે, પરીક્ષણ કરી અસીલ. શાબાશી. ૨૦
ઓછું માન ને મોટું નહી, કરવાં ધરે વખાણ;
ઘણું બોલીને ભુલ્યા પછી, લખાણ વધતાં જાણ. શાબાશી. ૨૧
સુણ, મેકસન નોર્મન શાહોથી, આરોગ્ય દીર્ઘ ...

અકત લખાણુ અંગરેજી, શોધ્યો સંસ્કૃત ગ્રંથ. શાબાશી. ૨૨

સંસ્કૃત શબ્દોથી શોભતું, લાયક કીધું લખાણુ,
સાર્દુલના સદ્ગુણોએ, આપે દીધું સનમાન. શાબાશી. ૨૩
સાગર જેવા ગુણો તેમના, ગાગરમાં નહીં સમાય,
યથામતિએ ઉચર્યો, પાર કેમ પમાય. શાબાશી. ૨૪

દાહોસૂખ દાના બ્રાહ્મણ, તાત તનસુખરામ;
પિતા સમા હોય આકરો, કરેલ ગયા કામ. શાબાશી. ૨૫

ધર્મસુખરામ ધન્ય તેમના, અતાપી આગ્યો પુત્ર,
વિદ્યા વિવેક ને વિતથી, શોભાવો ઘરસૂત્ર. શાબાશી. ૨૬

કુટુંબ કુશળ રહો તમારું, દીકરાદિક પરિવાર,
અચળ આયુષ્ય ભોગવો, સફળ કરો સંસાર. શાબાશી. ૨૭

પિતા રામપ્રસાદનો, કહે કવિ શિવરાજ;
હાટકેશ્વરને અંબીકા, સુધારો સૌ કાજ. શાબાશી. ૨૮



સાક્ષર મનસુખરામ સૂર્યરામ વિરહ.

દોહરો.—વિસાર્યો વિસરે નહીં, ત્રિપાઠી મનસુખરામ;
એજન્ટ ઉમદા રાજના, સાહેબ ગયા સ્વધામ. ૧

સોરઠો.—ગયા સુણી ગંભીર, વડા નાગર વડનગરા;
વિદ્યા વિશારદ વીર, મળે ન પરખ્યા મેદની. ૨

રાગ પદ.

" શેઠ સગાળશા સાધુને સેવે. "—એ રાગ.

નવલ નાગર નડીઆદ નિવાસી, ત્રિપાઠી મનસુખરામ;
એજન્ટ ઉમદા રાજ્યોકેરા, સાહેબ સિધાવ્યા સ્વધામ.
" જેથી આલમ ઉદાસી રે, ગયા લેઇ સારી શાબાશી. નવલ. ટેક

માન મેળવ્યું મોટાં રાજ્યોમાં, ગણાયા ઘણા ગુણવાન;
સદાચરણી સાત્વકી સારા, બહાદુર બુદ્ધિનીધાન.
સુમાન પામ્યા સરકારથીરે, નિર્મળ કીરતી વિસ્તારી. નવલ૦ ૨
સાખ્યારી વરી સર્વ લોકમાં, મર્તબાદાર મશાલ; (હસ)
દરબારોમાં દાના કહાવ્યા, વડા વિવેકી વિશાળ.
નિસ્પ્રેમી સ્વભાવજ ન્યાયીરે, છટાદાર કાંતી ખાસ. નવલ૦ ૩
કુશળ સર્વ કામોના કહાવ્યા, કાયદા કાનુનના જાણ;
બાલક ને વળી ચાતુર ઘણેરા, અમૃત જેવી જુબાન.
વડા વિદ્યાના ઉપાસીરે, પરીમલ પ્રભા પ્રકાશી. નવલ૦ ૪
પ્રાત:કાળે ઉઠી પ્રતાપી, સુવિધ કરતા સ્નાન;
સંધ્યા તર્પણ કરી પ્રેમે, ભાવે ભજતા ભગવાન;
રંકના બહુ દીલમાં દાખીરે, રૂડી રીતીઓ સૌ રાખી. નવલ૦ ૫
સ્વરૂપમાં મન સાચું રાખી, પ્રભુમાં કીધું પ્રયાણ;
જીવનમુક્ત થઇ આ જગમાં, સીધાવ્યાજ સુજાણ.
નહી અભિમાનજ ઉરેરે, માન બહુ દીધું હજુરે. નવલ૦ ૬
માન ભરેલા માનવતાએ, મોંઘી મુકી મુદેહ;
સાગર ભર્યો સગા સહુનો, તોડી સબળ સનેહ
ગયા ઉરે અફસોસી આપીરે, શોકજનક સમાજે. નવલ૦ ૭
જસ કીરતી જેની જગતમાં, સ્વર્ગમાં તેને સુખ,
ભાગવતમાંહિ ભાખ્યું પોતે, શ્રીકૃષ્ણે સ્વમુખ;
માટે મોક્ષગતીજ પામ્યા, વૈકુંઠે ભુવન સિધાવ્યા. નવલ૦ ૮
ઉજ્વળ કીર્તી કીધી આલમમાં, ઉજળા કીધા ઉજાસ;
માતબર મોટાં રાજ્યોમાંહિ, સારી વર્ષી સુવાસ.
મેળવી મુબારકબાદીરે, કુયાશ ન આવ્યા એકાદી. નવલ૦ ૯
મહાન રાજ ફિર પ્રભુની ખોટ આ જડકે છે ભાર;

તેથી કરીને જસવીનરૂ, ગાઉં ન વિરહ હાર;
કાદુ દુઃખી હોએ ઉચરીરે, સદ્ગૃહસ્થનું લેશ સ્વીકારી. નવલ૦ ૧૦
ઘણું દરબારે ગુણિયલે કીધાં, કામો ઘણા સ્તુતિપાત્ર;
રાજકાજમાં કુશળ કહાવ્યા, ખલકમાં મેળવી ખ્યાત;
શુભ નેકી તે કામકાજ ચુકાવ્યારે, દાના વિચારો દરશાવ્યા. નવલ૦ ૧૧
લોકોપયોગી લાંબા કામો, કીધા દેશ વિદેશ;
આપણા બાપુ ભૂલશે કોણ, અધિક મોટા ઉદ્દેશ.
દાના સૌ રીઝાવ્યા કરનારીરે, શુભ સમાજ સરકારી. નવલ૦ ૧૨
વળી વિશેષે વિચારી સુણો, વિસર્યો નહીં વિયોગ;
રાવબહાદુર હરિદાસનો, તમો ક્યાં બન્યો સંજોગ.
નથી ગયા નડીઆદવાસીરે, અત્યંત ઉરે ઉદાસી. નવલ૦ ૧૩
ઉદારતા ઉહોણી જાણી, ધવળ રચાયાં ધામ;
આપખેરી કીધા લોકોપયોગી, પંચક નગે હે ક્યાં આરામ;
અફસોસ ગયા વિદ્યા વિલાસીરે, પૂરી પુણ્ય પ્રભા પ્રકાશી. નવલ૦ ૧૪
દેશ અને વળી વિદેશમાંહે, મેળવ્યું મોટું માન,
ઉજ્વલ પાળી ઉરમાં એવું, વર્ણુંપ વિરહ બયાન;
ગયા સદ્ગૃહસ્થ મોટા ગુણકારીરે, સાના દીલના દરબારી. નવલ૦ ૧૫

વિરહ સંતાપ.

મોટી ખબર મનસુખરામની, સાંભળી સૌ બીન;
દેશ અને પરદેશની માંહે, એક્યતા હતા અપ્રીત.
મોટા આતમ મહારાજારે, સુખકારક જેમની આશ. નવલ૦ ૧૬
ખાસ અભિક મેળવ્યા મહારાજો, બહુ થી હતા ઊંડીક;
સોમ ક્યાં મનસુખ અહીંયાં. [illegible]
[illegible] કે [illegible]રે, વિમલ [illegible] વિલાસી. નવલ૦ ૧૭
[illegible]

પીતાંબરરાયજી વડા વિવેકી, મુનીલાલ અમૃતલાલભાઇ.
મોહનલાલભાઇ માનવંતારે, નાગરમંડળ શોક કરંતા. નવલ૦ ૧૮
સેક્રેટરી સુનરેશના, છટાદાર છોટાલાલભાઇ;
દીલગીર હુવા દોસ્તજ તેમના, મોટી જેમને મિત્રાઇ.
ઉદાસી છે ઉદયરામનારે, પ્રતાપી જે મહુધા ગામના. નવલ૦ ૧૯
બહુજ મોટા ભાવનગરના, શ્રી ભાવસિંહજી ભૂપ;
દલગીર હુવા દેશપતી તે, રૂડેરા રાજ સ્વરૂપ.
નાના દીવાનોને દરબારરે, મોટા માતબર અધિકારી. નવલ૦ ૨૦
વડા નાગર વડનગરા જે, પ્રભુજીવન ગૌરીપ્રસાદ;
નાયબ દીવાન નામદાર રાજ્યના, વડાને કરે વિસાદ.
ડંકા રાજકાજમાં પુરારે, સદાચરણી જે સુરા. નવલ૦ ૨૧
વડા ગૃહસ્થ વજેશંકર ભાઇ, ગવરીશંકરના તન;
લાયક મોટા લલુભાઇ, કુટુંબી ઉદાસી મન.
નાગરમંડળ નમ નિધારરે, સરવમાંહે જેમની શાખાણી. નવલ૦ ૨૨
સોરઠ સુબા શોકજનક હુવા, હુવા શ્રી રસુલખાન;
અબદુરરહમાન જુનાગઢ કેરા, બહાદુર બુદ્ધિ નીધાન.
નવાબસાહેબ ગુરાનીરે, ઉમરે રેમ જેમણી જાણી. નવલ૦ ૨૩
સુપ્રસિદ્ધ શાહજાદા તેમના, જફરી શેર મુમાખાન;
બાહોશ બુદ્ધિશાળી બાંકા, શુરા સંગ્રામ સુજાન.
દલગીર હુવા ડાના જ બાપીરે, પ્રભો કરજો તે સ્વામી. નવલ૦ ૨૪
[illegible] શ્રી [illegible], વડા વિવેકી [illegible];
[illegible] સાહેબ [illegible], વસ્તી મોટા [illegible].
[illegible] નવીન [illegible], [illegible]. નવલ૦ ૨૫
[illegible] દાના દીલના છી [illegible];
[illegible] હુવા [illegible], [illegible] બુદ્ધિનીધાન;

મનબાદાર મોટા જે કહાવેરે, રૂડી રાજ્ય રીતી ચલાવે. નવલ૦

નાગરમાં મા રાજનગરનું, દાનુ ઘણું દીલગીર;

સમસ્ત શેહેર સદ્ગૃહસ્થોને, લીદ્ધુ પસ્લામી અમીર.

લાલશંકર જજ લાયક હતારે, વડી કીરતિ જે વરેલા. નવલ૦ ૨૭

ભાઈ ગૃહસ્થ ભોળાનાથ ભાઈના, પુરણ પ્રતાપી પુત્ર,

નૃસિંહરાવ ને કૃષ્ણરાવજી, શોભાવ્યું જેમણે સૂત્ર.

રમણભાઇ મહિપતરામનારે, અફસોસી છે આખે ગામના. નવલ૦ ૨૮

રાવબહાદુર ચુનીલાલના, આત્મજ ઈંદુભાઇ;

દલગીર હવા દાના દીલના, જેમણે ઉદાહાર કીર્તી પાઇ.

આખું કુટુંબ એમનું ઉદાસીરે. ગયા લાયક ગુણી લખાસી. નવલ૦ ૨૯

અફસોસ છે શેહેર અમદાવાદના, અંબાલાલ સાકરલાલ;

દીવાન બહાદુર દોસ્તને માટે, મતબાદાર મહાલ (હ સ).

બાહોશ બલુ ભાઈ માનારે, વડી કીર્તિ વરનારા. નવલ૦ ૩૦

[illegible] નડીયાદકેરૂ, શોકજનક હતું સહુ;

સાંભળતાં સમાચાર આવા, વર્ણવી તે શું કહું.

વડા વૃદ્ધ જુવાન બાળેરે; અફસોસ અતી કીધો તે કાળે. નવલ૦ ૩૧

માન્ય ખાતર મરહુમ કેરા, હાટે પડી હડતાલ;

નિશાળો સૌ નગરકેરી, બંધ હવાં બજાર.

શોકજનક મહોલ્લાઓને શેરીરે, દલગી દીસે નરતી બધેરી. નવલ૦ ૩૨

દેસાઇકુળે દીનમણી જેવા, બાહોશ બહેચરદાસ;

માનસાહેબ મતબાવાળા, વિહારી સુત થયા ઉદાસ.

આત્મજ હરિદાસજી કેરારે, દલગીર હવા દાના બધેરા. નવલ૦

નામાંકીતજ નાના સાહેબ, મતબાવાળા મહાન;

કમલ કીરતિ મેળવી જેમણે, બહાદુર બુદ્ધિનીધાન.

તાતા સાહેબ તેજસ્વી સારારે, દીલગીર પરોપકાર કરનારા.
કાકરખાડના ગૃહસ્થ કૃપાળુ, શોકજનક સઉ થાય;
જેઉવા લાયક લાયકીવાળા, વફાદાર વખણાય.
નામેરે પાટીદારો પ્રતાપીરે, વડી પ્રિતી જેમને વ્યાપી. નવલ૦
વિશાદ કરે નાગર વડનગરા, મશહુર મોતીરામ,
પરભા પ્રતાપી કહાવે મોટા, જે કરે કૃપાળુ કામ.
શાના દીલના દરબારીરે, ઉમદા યશવી અધિકારી. નવલ૦
નાગરમંડળ નાડીયાદકેરૂં, અત્યંત હવું ઉદાસ;
સાદર જનતા સ્વજ્ઞાતીનો, અલોપ હવો હુલાસ.
ગયા સારી સલાહ દેનારારે, સુધારા સારા રચનારા. નવલ૦
બાહોશ બારોટ રણછોડભાઈ, વકીલ વડા દીલગીર,
એંજટ સાહેબના અસ્ત હોવાથી, ધર્મમતિના ધીર.
બહુ રહેછે તે બોરસદ મોઝારેરે, કામો કરે કરદ હારે. નવલ૦
દીલગીર થાયછે દીકરી તેમના, બહુબહુ બહેન ઉમંગ,
દાદા કેરો પ્યાર સંભારી, આનીતાં હર્યાં અંગેઅંગ.
આંઘ સગા કરે ઉદાસીરે, નાગરમંડળ નદપુરની વાસી. નવલ૦
પાટવી પુત્ર પ્રતાપીકેરા, તેજસ્વી નાનુભાઈ,
અફસોસ કરે યશવી ઘણેરા, કુટુંબ બધેલા તમામ.
બાહોશ જે બી. એ. થયેલારે, ભલા સદ્ગુણે ભરેલા. નવલ૦
પુજ્ય પીતાની પછવાડે જેમણે, ખરચ્યજ કીધાજ પુન્ય;
નાતજાતને નગર વિશે, વડાંજ ધરી વકુળ.
કર્યાં કામો પરોપકારીરે, વિમળ કીરતી વિસ્તારી. નવલ૦
પીતા જેવા પ્રતાપી પુત્ર, સુરા સુમતિ ધીર;
વડા વિવેકી વિબુધ કહાવે, વિદ્યા વિશારદ વીર.

નડીઆનો વેરો સંભાળ્યોરે, સુજસ સહુકોમાં કહાવ્યો. નવલ૦
પીતાંબરે અગાઉ સમયે, પેરપેરના કીધાં પુન્ય;
દીલગાહે સહુ દાખલ ગણ્યા, નેક ન રાખી ન્યુન.
અવલું આથે આવા કીધારે, દાનો સહુ દીલને દીધાં. નવલ૦
ગીરજા આપી મનસુખરામને, કોણ લડાવે લાડ;
દાદાજી વિણ દરરોજનાં, વડેરા એંધ વિચાર.
તન તુંબે તનસુખરામનારે, ગયા પીતા લાણુંજ કામના. નવલ૦
આથે સામાં સૌ એજંટ સાહેબનાં, ઘણું થયા ગમગીન
ધબ પડ્યો ભાઈ ધીર બુદ્ધિનો, સાહેર સુબધીશ.
ઘણું દરજ્જે સુખકારીરે, દરેકના હોય હીતકારી. નવલ૦
શોકનો સિંધુ રેલીયોરે, મુંબઈ નડીઆદ મોઝાર,
અફસોસ કરે અમીર ફકીરા, નયણે વહે નીરધાર.
સંભારે સૌ કુળીન સારેરે, દરેકને હિતકારી, નવલ૦
સિપાઈ ભાતી સાલ ચૈત્રની, વિશ્વમાં મુકી વિકરાળ,
અફસોસ રૈયત સર્વે પડ્યો, ગયા અંબાદાર મરાલ.
જંગ બહાદુર બુદ્ધિશાળીરે, ભવ્ય મોટા ભાગ્યશાળી. નવલ૦
સંવત અઢારસહંનુ કેરા, વૈશાખ હવે વિચાર;
વદ આઠમે ગયા મહત્મનો, પુરમાં હવો પ્રકાશ.
સાહેરસેરે શનીવારેરે, નડીઆદ નગર મોઝારે. નવલ૦
આઠ મહિનાની ઉંમર હવી જ્યાં, પીતા પામ્યા સ્વર્ગવાસ;
આ માતા મારીએ ઉછેર્યા, ઉર ધરી હુલાસ.
માતા પુત્ર પાસ કરાવ્યારે, મામી ટુંકી [illegible]. નવલ૦
જુઓ નહી આ જગતીમાંહે, જસ્તિ કેરી જોડ;
અફસોસ એજંટ અરતં હવાયો, પ્રજાને લાગી ખોટ.

ગયા ગુણી સાક્ષર સારારે, ઘણા ગ્રંથો વદનારા. નવલ૦
  મહાન ગુણી મનસુખરામભાઇ, સાક્ષર હતા સુજાન;
  જેમાં કરીને એમનું હતું, નિશ્ચે વિરલ બયાન.
અતિશયોક્તિ નહીંજ આણનારે, લખી જે બીનાઓ દેખા. નવલ૦
  મહાનબુદ્ધિ હતા મનસુખરામજી, મીઠા રત મેરાણુ,
  તુલજાનમાંહિ પણ કરીને, વિધવિધ ચારો તખાણુ.
ગાગામાં હરી જેમણેજ સારીરે, સ્વર્ગે સુખ દેશે મોરારી. નવલ૦
  સદાચારી સ્વર્ગે સીધાવ્યા, સદ્ભાગી શઠસરૂમે ગર્વ;
  દાસ્તોને દીલાસા આપી. આપ થયા અદર્શ.
ઉદરની સુખશાંતીમાં ગાળીરે, અથાહ ભોગવી ભાગ્યશાળી. નવલ૦
  જ્યાતા રહી ન એકે વાતની, આત્મજ ભાણી હુશિયાર.
  સુખશાંતીથી સ્વર્ગે સિધાવ્યા, પોચ્યા પ્રભુને દ્વાર.
કરી પીરસીને કમાઇરે, વરી વિશ્વમાંહે વડાઇ. નવલ૦
  સાહુની કહાયા મનસુખરામનાં, પુરા પરમ પવિત્ર:
  કાઠીયાવાડમાં ઠકાવણુ ભરેલાં, પુર્વીદાર હતાં ખચીત.
હતા ભગવાન ભજનારારે. ચતુરા નિશ્ચે ચાવાળાં. નવલ૦
  કાઠીયાવાડમાં દાના દીલના, પરખી અને ઉદાર;
  સેવા સ્મરણ કરતાં નીતે, પરમાર્થપર પ્યાર.
વડાં વિદ્વાનાં કુલાસીરે, હતાં શાસ્ત્રોનાં અભ્યાસી. નવલ૦
  અમર નામ રહેશે એમનું, લાયક લાયકી કીધ,
  મહાન ગુણી જોઇ મનસુખરામે, જાહેર જગ પ્રસીદ્ધ.
મુક્તિને પેખ્યે જાઉ આવેરે, વંચક કરીને મન ભાવે. નવલ૦
  અક્ષય સુખજ આપજો હરી, કહે કવિ શિવલાલ;
  સ્વર્ગમાંહે આ સુત પુરૂષને, દીનબંધુ દીનદયાળ.

આજના સારા કામો આચરીરે, વડી કીરતી વિભુ વરી. નવલ૦
દાનધાકુશ રહ્યા દીકરા તેમના, તેજસ્વી તનસુખરામ,
ધર્મસુખરામ સલાસન રહ્યા સુત, નઉતમ મેળવો નામ.
જિનગી કીરતી યશ જામેરે, વધુ વંદનાઓ વારામો. નવલ૦



મનહર છંદ.

મોટા મનસુખરામ, મશહુર ગેહનીમા,
આશ્રિતના સારા અથી, લખેલા અપાર છે.
તનસુખરામ તારા, ઝળકતા જગ વિષે;
બ્રાહ્મણ બી એ. થએલા, ઉરના ઉદાર છે.
ત્રિપાઠીમણ્ડ તેજસ્વી યશવી મહા અનુભવી:
મોટ સભાઓમાં બોલી, કીર્તી વરનાર છે.
નડીઆદ જેવા વિવેકી, ટેકી તે તમામ નાતે,
શિશુ વિદ્યાવિહારી, જસની જાણનાર છે. ૧
ખર્ચે હીરુ ખુબીદાર, ફેરવીને ઘન બાર.
સાજેરા જમણવારી, કીધા કુરબાન હે.
પશ્ચિ સભાઓજ આરે, દયા રાખી દાન કરે;
મર્યાદાદાર મહોટા, સમજુ સુજાન હે.
રાખાવતો લાજ રાખી, દૈવતજ રૂડું દાખી;
આપ વાણી જીતવાળે, સુધાકે સમાન હે.
કહે કવિ શિવરામ, તપો તનસુખરામ;
અચળ આલમ વિષે, વડું જે નિદાન હે. ૨

સમાપ્ત.

વિજ્ઞાપના.

આ ચોપડી અમદાવાદમાં સાંકડીશેરીમાં લાલા વસાની પોળમાં (જે રા. બા. દેસાઇશ્રીહરીદાસ વીહારીદાસ વારસ, દી. બા. મણીભાઇ જસભાઇ ગારસ, શ્રી કચ્છાધીપતીના યુવરાજ શ્રી વીજયરાજજીના વીવાહ વીનોદ, શ્રીભાવસિંહજીનુ વીવાહ વર્ણન, નાદોદના તખ્તકુવરબાનો વીવાહવીનોદ, રાધનપુરના નવાબ શ્રી મહમદશેરખાનજીની શાદીનું બયાન, પાલણપુરના યુવરાજ શ્રી તાલેમહમદખાનજીનો વીવાહવીનોદ, શેઠ ચીનુભાઇ માધવલાલ સી આઇ. ઇ. નાં શ્રી. જીવન્તકા બ્હેનનો વીવાહ વીનોદ, કચ્છ દીવાનશ્રી ચુનીલાલ સારાભાઇના ગં અમરીશલાલનો યજ્ઞોપવિતોત્સવ ને માળ ડાનું નાટક) વગેરે પુસ્તકો રચનારને ત્યાંથી મળશે.

કર્તા. કવિ. શિવલાલ. ધુમાલભાઇ બારોટ.

સુચના—વડોદરાના [illegible] [illegible] ચુરણ, હીંગાષ્ટક વજરક્ષાર, સુલેમાની, [illegible] અગ્નિમુખાદિ ગુટિકા, ચુરણ મીશ્રીત ખારેક, મુરબ્બો, [illegible] સુરંબા મસીવાળો શાયપુર અંકલેશ્વર મહાદેવ [illegible] રણછોડલાલ હીરાચંદની દુકાનેથી મળશે.

આ ચોપડી સંબંધી કંપની [illegible] મુંબઇની શાખા ધના સંચા તેનો સામાન નં. ૧૦૫ર અમદાવાદ રાયપુરમાં મળશે. મેનેજર શા. જેઠાલાલ હરજીવનદાસ.